ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૫ ટકા

# ઉદ્યોગભવન ખાતે ૪ નાગરીકોનો આત્મવિલોપનનો પ્રયાસ







ગાંધીનગર, તા.૨

શહેરના ઘ-૪ પાસે આવેલ ઉદ્યોગ ભવન ભુસ્તર વિભાગની કચેરીમાં શહેરા તાલુકાના વલ્લભપુર ગામમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. જેથી વલ્લભપુર ગામના ૪ નાગરીકો દ્વારા ગોધરા કલેકટરથી માંડીને ઉચ્ચકક્ષાએ આ ખનન અટકાવવા માટે રજુઆત કરાઈ છે. પરંતુ આ મુદ્દે કોઈ જવાબ ના મળતા ગુરુવારના રોજ સવારે ઉદ્યોગ ભવન ખાતે આવેલી ભુસ્તર વિભાગની કચેરીમાં રજુઆત કરવા માટે ગયા હતા. જયાં ગેરકાયદે ખનન મુદ્દે ગામના ચાર નાગરીકોએ આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસે તેમની અટકાયત કરી હતી.

મળતી માહિતી મુબજ શહેરના તાલુકાના વલ્લભપુર ગામના જશવંત સોલંકી, પ્રવિણ સોલંકી, રત્નાભાઈ માછી, અને કોદરસિંહ ઠાકોર ગામમાં ગેરકાયદે થઈ રહેલા ખનન મુદ્દે ગુરુવારના રોજ ગાંધીનગર ઉદ્યોગભવનમાં ભુસ્તર વિભાગની કચેરીમાં રજુઆત માટે આવ્યા હતા. ત્યારે જશવંત સોલંકીએ રજુઆત કરતા જણાવ્યું હતું કે શહેરના વલ્લભપુર ગામની ગૌચરની જગ્યામાં દિપક પટેલ દ્વારા ગેરકાયદે રીતે ખનન કરવામાં આવી રહ્યું છે. જેને અનુલક્ષી ગોધરા કલેકટરથી ઉચ્ચકક્ષા સુધી રજુઆત કરાઈ હતી. પરંતુ ગ્રામજનોની રજુઆતને સ્થાનિક તંત્ર દ્વારા ધ્યાને લેવામાં ન આવતા આખરે ચાર ગ્રામજનો ગાંધીનગર ભુસ્તર વિભાગની કચેરી ખાતે રજુઆત માટે દોડી આવ્યા હતા અને આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસ તંત્ર દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી.

આ અંગે ડીવાયએસપી એમ.કે.રાણા એ જણાવ્યું હતુ કે ગાંધીનગર પોલીસે ચાર નાગરીકોને આત્મવિલોપન કરે તે પહેલા પકડી પાડીને પોલીસ મથકે લઈ જવાયા હતા. શહેરના વલ્લભપુર ગામે ગૌચરની જમીનમાં પથ્થર લીઝ ચલાવી ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દે અનેકવાર રજુઆત છતા કોઈ કાર્યવાહી થઈ ન હતી. જેથી ગાંધીનગર ભુસ્તર વિભાગની કચેરી ખાતે રજુઆત માટે આવ્યા હતા. જયાં આત્મ વિલોપનનો પ્રયાસ કરતા પોલીસ દ્વારા તેમની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



બાળાઓના ગૌરીવ્રત શરૂ થઈ ગયા છે પરંતુ તેમાં પણ કોરોના ઈફેકટ નડી રહી છે. લારીઓ પર ભરપૂર ફ્રુટ દેખાઈ રહ્યું છે પરંતુ ગ્રાહકો ખરીદવા માટે ન આવતા ધંધો સાવ મંદ રહ્યો છે. હજુ આગળ શ્રાવણ માસમાં પણ આવી જ પરિસ્થિતિ રહેશે તો શું થશે તેની ચિંતા વેપારીઓને સતાવી રહી છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના નવા પ્રમુખ, સેક્રેટરી, પદાધિકારીઓનો પદગ્રહણ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. તે અનુલક્ષીને તેમજ રોટરી ડીસ્ટ્રીકટ ૩૦૫૪ની સૂચના અનુસાર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારતીય કંટેનર નિગમ લિ., ખોડિયાર ખાતે સવારે ૯.૩૦ કલાકે વૃક્ષારોપણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૩૦૦ જેટલા અનેકવિધ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. જેનો યોગ્ય ઉછેર થાય અને તેની પણ સંભાળ પણ રાખવામાં આવશે.

આ પ્રસંગે ભારતીય કંટેનર નિગમ લી.ના ચીફ મેનેજર રાજીવ ભોવલ તેમજ




ટર્મીનલ મેનેજર વેંકટેશ રાજુલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વેંકટેશ રાજુલ દ્વારા પ્રસંગોચિત ઉદબોધનમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો વૃક્ષારોપણના કાર્યક્રમ યોજવા બદલ અને ખાસ કરીને ૩૦૦ જેટલા વૈવિધ્યસભર વૃક્ષો લાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ગત વર્ષે યોજવામાં આવેલ વૃક્ષારોપણનો પણ ઉલ્લેખ કરતાં તે નાના છોડમાંથી આવે મોટા વૃક્ષ તરફ પ્રયાણ થઈ રહેલ છે તેનો પણ સંતોષ વ્યક્ત કરાયો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઈલાબેન વોરા, સેક્રેટરી હસમુખભાઈ મેકવાન સહિત હોદ્દેદારો અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન નરેશભાઈ પ્રજાપતિ દ્વારા કાર્યક્રમને સફળ કરવામાં ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. વૃક્ષોની સુવિધા રોટ. ઉદવ વોરા દ્વારા કરવામાં આવી હતી. આભાર વિધિ સેક્રેટરી હસમુખભાઈ મેકવાન દ્વારા કરાઈ હતી તથા કાર્યક્રમ સરકારની કોવિડની ગાઈડલાઈન મુજબ યોજવામાં આવ્યો હતો.

## એનઆઈસીએમના પ્રિન્સિપાલ ડૉ. લિપ્સા રાવલને 'પ્રિન્સિપાલ એકસેલન્સ એવોર્ડ'

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના પ્રવેશ દ્વારે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ કો ઓપરેટિવ મેનેજમેન્ટ-એનઆઈસીએમના સેન્ટર ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટના પ્રિન્સિપાલ ડૉ. લિપ્સા રાવલને 'પ્રિન્સિપાલ એકસેલન્સ એવોર્ડ-૨૦૨૦'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

એનઆઈસીએમના સેન્ટર ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટના પ્રિન્સિપાલ ડૉ. લિપ્સા રાવલને હાયર એજયુકેશન ફોર્મ દ્વારા 'રોલ



ઓફ એક્રેડીટેશન ઈન હાયર એજયુકેશન ઈન નેશનલ એન્ડ ઈન્ટરનેશનલ એરેના' અંતર્ગત વડોદરા ખાતે યોજાયેલ સમારોહ દરમિયાન 'પ્રિન્સિપાલ એકસેલન્સ એવોર્ડ-૨૦૨૦'થી સન્માનવામાં આવ્યા હતા. ડૉ. રાવલને તેમની વિશિષ્ટ અને શ્રેષ્ઠ કામગીરી બદલ બેસ્ટ પ્રિન્સિપાલ તરીકે આ એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. જે એક ગૌરવપૂર્ણ એવોર્ડ છે. આ એવોર્ડ પ્રાપ્ત કરી તેમણે સંસ્થાનું અને સરકારી ક્ષેત્રનું ગૌરવ વધાર્યું છે.



શહેર સ્થિત સ્વામિનારાયણ મંદિર સે-૨ના મહંત સ્વામી પી.પી. સ્વામીને વિશ્વ હિંદુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત દ્વારા કોરોના મહામારીના આપત્તીકાળમાં સેવા યજ્ઞ કર્યા બદલ અભિવાદન પત્ર આપવામાં આવ્યું છે. આ ઉપરાંત અયોધ્યામાં બનનાર શ્રીરામ મંદિરમાં પવિત્ર યાત્રાધામોની માટીના કળશ એકત્રીત કરવાના કાર્યક્રમના ભાગરૂપે સ્વામિનારાયણ મંદિર સે-૨ના મહંત સ્વામી પી.પી. સ્વામી દ્વારા મંદિરની માટી કુંભમાં ભરી વિશ્વ હિંદુ પરિષદના પદાધિકારીઓને અર્પણ કરી શ્રી રામ મંદિરનું નિર્માણ કાર્ય ઝડપથી પૂર્ણ થાય તેવા આશીર્વચન આપવામાં આવ્યા છે.

## સે-૭-સીમાં નીકળેલી 'ઘો'ને રેસ્કયુ કરાઈ

શહેરમાં ચોમાસું બેસે તેની ઘડીઓ ગણાઈ રહી છે અને વરસાદી રમઝટ શરૂ થાય તે પહેલા વાતાવરણમાં ઉકળાટ અને બફારાની સ્થિતિ માત્ર નાગરિકોને જ નહી પરંતુ પ્રાણીઓ માટે પણ અકળાવનારી બની રહી છે.



આ કારણે શહેરમાં અત્યારે સર્પ સહિત ઘો વગેરે દેખાવાની ઘટનાઓમાં વધારો થવા પામ્યો છે. તાજેતરમાં વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં ઘો નીકળી હતી જે એક કારમાં ફસાઈ ગઈ હતી જેને પ્રકૃતિ પ્રેમી સ્વયંસેવકો દ્વારા રેસ્કયુ કરીને જંગલમાં થોડી દેવામાં આવી હતી. આ સાથે હવે સેકટર-૭-સીમાં પણ એક મોટી ઘોએ દેખા દેતાં રહીશો ભયભીત થયા હતા પરંતુ આ વિસ્તારમાં રહેતા જીવદયા પ્રેમી પુષ્પેન્દ્ર મોદી ઉર્ફે પપ્પુભાઈ દ્વારા તેને સલામત રીતે રેસ્કયુ કરી લેવામાં આવી હતી.

## સે-૨૧ ખાતે માસ્કની પાવતી મળતા યુવક-પોલીસ વચ્ચે ઝપાઝપી

ગાંધીનગર, તા.૨૧

કોરોના વાયરસને પગલે હાલના સમયે મોંઢા પર માસ્ક પહેરવુ ફરજીયાત કરવામાં આવ્યું છે. જયારે તંત્ર દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરેલા વ્યકિત સામે દંડનીય કાર્યવાહી કરવાનું જણાવાયું છે. જેથી પોલીસ માસ્ક વિના ફરતા નાગરીકો પાસેથી રૂ.૨૦૦ લેખે દંડ વસુલે છે. જેને પગલે સેકટર-૨૧ શોપીંગ સેન્ટર ખાતે માસ્ક વિના ફરતા યુવકે પોલીસ જવાન સાથે ઝપાઝપી કરનાર યુવક સામે ગુનો નોંધાયો છે. એલસીબી પોલીસની ટીમ માસ્ક વિનાના નાગરીકોને પકડવા માટેની ડ્રાઈવ ચાલી રહી હતી.ત્યારે સેકટર-૨૧ શોપીગ સેન્ટર ખાતે એક યુવક માસ્ક વિના ઝડપાયો હતો. માસ્ક વિના ફરતા યુવકને પોલીસે રૂ.૨૦૦ દંડ ફટકાર્યો હતો. દંડની રકમ માંગતા યુવકે ઉશ્કેરાઈને ગયો હતો અને જોર જોરથી બુમો પાડતો હતો. દિપકકુમાર હસમુખભાઈ પ્રજાપતિ (ઉં.૨૮ શાંતિનગર સોસાયટી કોલવડા) નામના યુવકે માસ્ક પણ નહી પહેરું અને દંડ પણ નહી ભરું તમારાથી થાય તે કરી લો કહી પાવતી ફાડી નાંખી હતી. યુવકને પોલીસ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ સમજાવી રહ્યા હતા તે સમયે અચાનક ગુસ્સે થઈ ગયો હતો અને યુવકે કોન્સ્ટેબલની ફેંટ પકડીને ધક્કો માર્યો હતો. પોલીસ જવાનને ધક્કો મારીને દોડીને જઈ રહેલા યુવકને અન્ય પોલીસકર્મીએ પકડી પાડ્યો હતો.પોલીસે યુવક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરી વિસ્તારના ૭ ગામોમાં પ્રોપર્ટી કાર્ડ આપવા માંગણી

### ગામોમાં વિકાસના અધૂરા કામો પૂર્ણ કરવા પણ બોરીજ વિકાસ મંડળની માંગણી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સંલગ્ન બોરીજ વિકાસ મંડળ જણાવે છે કે, લગભગ ૫૫ વર્ષ પહેલા ગાંધીનગરની રચના માટે ૭ ગામોની ખેતીની સંપૂર્ણ જમીન સંપાદન કરી ગ્રામ પંચાયતોને નાબૂદ કરી તેમના રેકર્ડના દફતરો દ્વારા જમા લેવામાં આવ્યા છે. અને આ ઘટના બાદ તંત્ર દ્વારા શહેરની રચના પાછળ જ સમય આપવાથી આ ૭ શહેરી ગામોના ખેડૂતોના વારસદારોના રહેણાંકના પ્રશ્નો ઉપસ્થિત થતા વારંવાર રહેણાંકના પ્લોટોની માંગણી કરવા છતા તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવ્યું નથી. આ ઉપરાંત આ ગામોને કોઈ પણ પ્રકારની ગ્રામ્ય કે શહેરી આવાસ યોજના ફાળવવામાં આવી નથી. વર્ષ ૨૦૧૧માં ગાંધીનગરમાં મહાનગરપાલિકા શાસનમાં આવતા શહેરી ગામોના રહીશો બાપદાદાના મકાનના માલિક હોવા છતા કબજેદાર બનાવી દેવાતા હવે તેમને પોતાની પ્રોપર્ટીના આધારે તેઓ જામીન થઈ શકતા નથી. હાલમાં જ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારનું વિસ્તરણ કરી બીજી ૧૮ ગ્રામ પંચાયતોને સમાવવામાં આવી છે ત્યારે શહેરના ૭ ગામોના ગામતળના તમામને પ્રોપર્ટી કાર્ડ ફાળવવામાં આવે તેવી આ ૭ ગામના રહીશોની સરકાર પાસે માંગણી છે તથા ૧૮ ગ્રામ પંચાયતના રહીશો સહર્ષ રીતે ગાંધીનગર મહાનગરપાલિકાનો સ્વીકાર કરી શકે તે અર્થે નવા અધૂરા વિકાસ કાર્યો કરવામાં આવ તેવી તેમની માંગ છે તેમ સંસ્થાના પ્રમુખ ભરત દિક્ષિત દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. વિનોદભાઈ પ્રભુદાસ નાયી, ઉ.વ. ૫૬, સેકટર-૧૪
- સ્વ. વજેસિંગ ચેલુસિંગ ડાભી (દરબાર) ઉ.વ. ૪૨, મુ. પેથાપુર
- સ્વ. ઉમેદબા હરિશચંદ્રસિંહ રાઓલ, ઉ.વ. ૬૩, મુ. પેથાપુર
- સ્વ. રણછોડભાઈ રેવાભાઈ પરમાર, ઉ.વ. ૮૫, સેકટર-૨૫
- સ્વ. રાજેન્દ્રકુમાર મગનભાઈ પટેલ, ઉ.વ. ૫૩, મુ. મોતીપુર, તા. વિજાપુર

## ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલને જોડતા 'ક' માર્ગ પર સ્ટ્રીટ લાઈટ અને ગંદકીની સમસ્યા

### ચોમાસું બેસે તે પહેલાં કચરાના ઢગ દૂર કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવો જરુરી : 'ક' માર્ગ પર રખડતાં ઢોરને કારણે અકસ્માતનો ભય : ડિવાઈડર પર રેલીંગ અને સ્ટ્રીટલાઈટની સુવિધા વિકસાવવા માંગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે વાવોલનો પણ સમાવેશ થઈ ગયો છે. જેના કારણે વાવોલ વિસ્તારની સમસ્યાઓ હવે ઝડપથી ઉકેલાય તેવી આ વિસ્તારના રહીશોમાં અપેક્ષા જાગી છે. વાવોલ વિસ્તારને ગાંધીનગર સાથે જોડતા મુખ્ય 'ક' માર્ગ પર લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટની સમસ્યા સતાવી રહી છે તે ઉપરાંત વિવિધ સ્થળોએ કચરાના ખડકલાં સહિત રખડતાં ઢોરની સમસ્યાથી વસાહતીઓ પરેશાન છે જે સત્વરે ઉકેલાય તેવી પ્રજાજનોમાં માંગ ઉઠવા પામી છે. 'ક' માર્ગ પર સ્ટ્રીટલાઈટ જે મનપાની હદ સુધી જ હતી તેને હવે કોલવડા ચોકડી સુધી લંબાવવી જોઈએ તેવો મત ઉઠી રહ્યો છે.

એક તરફ ચોમાસું આજ શરૂ થાય કે કાલ શરૂ થાય તેવી સ્થિત છે તેવી સ્થિતિમાં શહેરને વાવોલ સાથે જોડતા મુખ્ય માર્ગ 'ક' રોડ પર હજુ પણ વિકાસ કાર્ય ચાલુ હોવાથી વાહનચાલકો પરેશાનીનો ભોગ તો બની રહ્યા છે પરંતુ જો વરસાદ શરૂ થઈ જશે તો તેવી સ્થિતિમાં આ વિસ્તાર વાહનચાલકો માટે અત્યંત જોખમી બની જશે તેવી ભીતિ પણ સતાવી રહી છે. આ માર્ગ પર આમ પણ લોકડાઉન પહેલાના કેટલાક સમયથી અકસ્માતોની સંખ્યા વધી જવા પામી હતી જેને અનુલક્ષીને વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા લેખિત રજૂઆત કરી ડિવાઈડર પર રેલીંગ લગાવવા, સ્ટ્રીટલાઈટોની સુવિધા કાર્યરત કરવા સહિતની માંગણીઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત આ વિસ્તારમાં રખડતાં ઢોરની સમસ્યાને નાથવા ચોકકસ પગલાં લેવા અને સમગ્ર સોસાયટી વિસ્તારમાં તેમજ ગોકુલપુરાની આસપાસ ફેલાયેલ ગંદકી વગેરેને દૂર કરી સ્વચ્છતા જળવાય તે અંગે પણ કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી. જો કે હજુ સુધી આ બાબતે કોઈ નકકર કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવી નથી અને લોકડાઉનના કારણે રહીશોએ ધૈર્ય જાળવી રાખ્યું હતું પરંતુ હવે જયારે અનલોક-૧ પછી અનલોક-૨ લાગું પડી ગયું છે ત્યારે સત્વરે આ સમસ્યાઓ ઉકેલાય તેવી માંગ બળવત્તર બની રહી છે.

આગામી ચોમાસાને અનુલક્ષીને ગોકુલપુરા અને વાવોલના વિસ્તારોમાં ખડકાયેલા ગંદકીના ઢગલાં વરસાદ પડે તે પહેલાં દૂર કરવામાં આવે અને તે સ્થળે જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ફરી કચરો ના ખડકાય તે અંગે પગલાં લેવાય તે જરુરી બન્યું છે. હાલ ગોકુલપુરા ઉપરાંત નારાયણનગર પાસે, કેશવપાર્ક સસાયટી સામે, વિજય એપાર્ટમેન્ટ સામે, એમ.વી. પટેલ હાઈસ્કૂલ સામે, ગ્રીનપાર્ક સોસાયટીની બાજુમાં, જુના પશુદવાખાના પાસે અન્ય કેટલાંક સ્થળે મીની ડમ્પીંગ યાર્ડ જેવી સ્થિતિમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે જેને પ્રવર્તમાન કોરોના વાઈરસ તથા આગામી વરસાદી ઋતુના પગલે વાઈરલ ઋતુજન્ય બિમારીઓની શકયતાઓને ધ્યાનમાં રાખીને સત્વરે પગલાં લેવાશે નહી તો રોગચાળો ફાટી નીકળશે તેવી દહેશત સેવાઈ રહી છે.

### જીઆઈડીસીના લોડીંગ ટ્રાફિક સામાન્ય વાહનચાલકો માટે માથાનો દુ:ખાવો

શહેરના 'ક' માર્ગ પર જીઆઈડીસીના કારણે લોડીંગ વ્હિકલ્સનો ટ્રાફિક વધુ રહે છે. હાલ આ માર્ગને સિકસલેન કરવાની કામગીરી ચાલી રહી છે પરંતુ ચોમાસાની ઋતુ માથે હોવાથી અને સ્ટ્રીટલાઈટ વગેરેની સમસ્યાને કારણે રાત્રિના સમયે અકસ્માતની સંભાવના ખૂબ વધી જાય છે. લોકડાઉન અગાઉ ના સમયમાં એક શિક્ષિકા અને એક તરૂણી આ માર્ગ પર અકસ્માતનો ભોગ બની જીવ ગુમાવી ચુકયા છે ત્યારે આ માર્ગ પર સ્ટ્રીટલાઈટ, સ્પીડબ્રેકર બમ્પ, ઝીબ્રા ક્રોસીંગ, રખડતા પશુઓને અટકાવવા, ડિવાઈડ પર રેલીંગ વગેરેની માંગ સત્વરે પુરી કરવી જોઈએ તેવું જણાઈ રહ્યું છે.